www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪૩ | ૧ ઓગસ્ટ, ૨૦૧૮, બુધવાર; અષાઢ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પ્રભાતના પગરવ...

### રસ્તો બતાવવાની અજોડ સમય સેવા

આજે એક અનોખી વાત માંડવી છે. કોઈપણ શહેર કે ગામમાં પ્રવેશ કરીએ ત્યારે આપણે જવાના નિયત સ્થાનેથી કયા માર્ગેથી પહોંચી શકીશુ અને કેવી રીતે પહોંચી શકીશું એ ભારે મુંઝવણ હોય છે. જો કે હવે ધીમે ધીમે જીપીએસ સીસ્ટમનો મોબાઈલમાં ઉપયોગ વધતો જાય છે. માર્ગ-મકાન વિભાગ દિશાદર્શક બોર્ડની સંખ્યા પણ વધારી રહી છે છતાં કેટલાય પ્રવાસીઓ આજે પણ અટવાય છે. અને નિયત લક્ષ્ય સુધી પહોંચવામાં ફાંફે ચડે છે, એ વાત કોઈથી અજાણી નથી. આવા ભુલા પડેલા મુસાફરો-પ્રવાસીઓને માર્ગ બતાવવાનું અદ્ભુત કામ એક સેવાભાવી દ્વારા ગાંધીનગરમાં થાય છે.

આ સમયની સેવા છે. જીવનની ભાગદોડમાંથી બે કલાકનો સમય કાઢીને શહેરના ઈન્દ્રોડા સર્કલ પાસે ઉભા રહીને મહુડી જવાનો રસ્તો કે રાંધેજા જવાનો રસ્તો સરળતાથી બતાવવાની સેવા કરતાં સેવાધારીને આજે સલામ પાઠવવી છે. સાહેબ ! ઘરમાં પણ એક જ સવાલ બીજી કે ત્રીજી વખત પુછાય તો અકળાઈ જવાય છે, ત્યારે બબ્બે કલાક સુધી એક જ પ્રકારના સવાલો... ક્યારેક કર્કશ તો ક્યારેક કંટાળાજનક સવાલોના સહજતાથી જવાબ આપવાની ધીરજ રાખવી એ પણ જીવનનું કૌશલ્ય છે. અનેક કડવા-મીઠા અનુભવને વાગોળતા તે સેવાધારી એમ કહે છે કે મને આ બે કલાક આખા દિવસની ઉર્જા આપે છે. નામ નહીં પ્રસિદ્ધ કરવાની પ્રાથમિક શરત સાથે વિગત આપતા સેવાધારીએ કહ્યું ક્યારેક ક્યારેક ચિલોડા સર્કલ કે ક્યારેક ક-૭ના સર્કલે પણ ઉભા રહેવાનો ક્રમ ગોઠવવતો જાઉ છુ. સમય તો ઘણાની પાસે છે અને હશે એની ના નહિ પરંતુ સમયનો બીજાના માટે ઉપયોગ કરવો એ જ જીવનની યથાર્થતા છે. માન-સન્માનની કોઈ અપેક્ષા વિના મુક સેવા કરવાની મનોવૃત્તિને મનોમન વંદન કરવાનું મન થાય છે.

સેવાના અનેક વિકલ્પો ખુલ્લા હોય છે. જો ઈચ્છાશક્તિ મજબુત હોય, તો કોઈપણ પ્રકારે બીજાને ઉપયોગી થઈ શકાય છે. કોઈ કોઈના ભણતરમાં તો કોઈ કોઈના ઘડતરમાં, કોઈ આર્થિક માધ્યમથી કોઈને મદદરૂપ થઈ શકે, તો કોઈક શૈક્ષણિક સુવિધાઓથી મદદ કરી શકે. અનેક વિકલ્પો ને પ્રકલ્પો જરૂરીયાતપણે ખુલતા જ હોય છે. રસ્તો બતાવવાની આ સેવા કોઈની પણ મદદ વિના, કોઈ પણ રોકાણ વિના સેંકડો-હજારોને મદદરૂપ બની શકાય છે. એ વિચાર અલૌકિક છે, અજોડ છે. અને એટલે જ આપણને એ સંદેશ મજબુતાઈથી આપે છે. ક્યારે, કોઈપણ માર્ગ કે મુકામ પુછે ત્યારે મોં ચડાવ્યા સિવાય ઉત્સાહથી રસ્તો બતાવીશુ એવી પ્રતિબદ્ધતા જ આ સેવાધારીને સલામ ગણી શકાય.

# એનઆરસી મામલે સંસદમાં હંગામો

**સંસદમાં ભારે હોબાળોથી કામગીરી મુલતવી : રાજ્યસભામાં ધાંધલ ધમાલથી અંધાધૂંધી : રાજ્યસભાની કામગીરીને પહેલા ૧૦ મિનિટ માટે અને ત્યારબાદ દિવસભર માટે મોકુફ કરવા માટે ફરજ પડી**



નવીદિલ્હી, તા. ૩૧

સંસદમાં એનઆરસીના મુદ્દે આજે ભારે હોબાળો થયો હતો. રાજ્યસભામાં વિપક્ષી સાંસદોએ જોરદાર ધાંધલ ધમાલ મચાવી હતી જેના પરિણામ સ્વરુપે ગૃહની કામગીરી મોકૂફ કરવામાં આવી હતી. જો કે, આને લઈને આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર જારી રહ્યો હતો. કેટલાક વિરોધ પક્ષોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. ધાંધલ ધમાલના દોર વચ્ચે અમિત શાહને લઈને પણ હોબાળો કરવામાં આવ્યો હતો. સાંસદોએ જ્યારે જોરદાર ધાંધલ ધમાલ મચાવી ત્યારે કામગીરી મોકૂફ કરવામાં આવી હતી. કોંગ્રેસ સભ્યો ધાંધલ ધમાલ કરીને અધ્યક્ષની ચેર સુધી પહોંચી ગયા હતા. આવી સ્થિતિમાં કોઈનો અવાજ સંભળાઈ રહ્યો ન હતો. ભારે ધાંધલ ધમાલ વચ્ચે ચેરમેને રાજ્યસભાની કાર્યવાહી પહેલા ૧૦ મિનિટ માટે મોકૂફ કરી હતી. બીજી વખત કામગીરી શરૂ થઈ ત્યારે પણ સ્થિતિ યથાવત રહી હતી. ત્યારબાદ ચેરમેને દિવસભર માટે કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી.

## ૪૦ લાખ લોકોની સામે કઠોર કાર્યવાહી ન કરવા સુપ્રીમ કોર્ટનો કેન્દ્રને આદેશ

**દાવાઓ-વાંધાઓના સમાધાન માટે નિષ્પક્ષ અને આદર્શ વ્યવસ્થા તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટે આપેલો આદેશ**

નવીદિલ્હી,તા. ૩૧

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે, આસામમાં નેશનલ રજિસ્ટ્રાર ઓફ સિટિઝનના ફાઈનલ ડ્રાફ્ટમાં સામેલ ન કરવામાં આવેલા ૪૦ લાખ લોકોથી વધારે લોકોની સામે કોઈપણ ઓથોરિટી કોઈપણ પ્રકારની બળજબરીપૂર્વકની કાર્યવાહી ન કરે. અત્રે નોંધનીય છે કે, આ મુદ્દા ઉપર હવે રાજનીતિ શરૂ થઈ ગઈ છે. મંગળવારના દિવસે સંસદના બંને ગૃહોમાં આને લઈને ભારે હોબાળો થયો હતો. સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકારને એમ પણ કહ્યું હતું કે, તે ડ્રાફ્ટથી બહાર રહી ગયેલા લોકોના દાવા અને વાંધાઓના સમાધાન માટે એક નિષ્પક્ષ અને આદર્શ વ્યવસ્થા તૈયારલ કરી શકે છે. જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ આરએફ નરિમનની બેંચે કહ્યું હતું કે, એનઆરસીથી બહાર રાખવામાં આવેલા લોકોના દાવાને ઉકેલવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીઝરને સુપ્રીમ કોર્ટની સમક્ષ ૧૬મી ઓગસ્ટના દિવસે રજૂ કરે. આસામના એનઆરસી દ્વારા પણ કેટલીક સ્પષ્ટતા કરવામાં આવનાર છે. એનઆરસી સાથે જોડાયેલા ટોપ લોકોએ કહ્યું છે કે, ૪૦ લાખથી વધારે લોકોના નામ

● અનુસંધાન પાન-૭ પર

## જેમણે સત્તા અપાવી તેમને જ શરણાર્થી બનાવાયા : મમતા

**બંગાળમાં આવું થવા દેવાશે નહીં : આસામમાં ભારે અંધાધૂંધી ફેલાયેલી છે : માતૃભૂમિની આવી હાલત થાય તે જોઇ શકાય નહીં**

નવીદિલ્હી, તા. ૩૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આસામમાં નેશનલ રજિસ્ટ્રાર ઓફ સિટિઝન (એનઆરસી)માં આશરે ૪૦ લાખ લોકોના નામ ન હોવાને લઈને ભાજપ ઉપર પ્રહાર કર્યા હતા. મમતાએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, જે લોકોએ પહેલા ભાજપની સરકાર બનાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

## ઘુસણખોરોના મામલે કોંગ્રેસ અને ટીએમસી વલણ સ્પષ્ટ કરે : અમિત શાહ

**આસામમાં નવા નેશનલ રજિસ્ટ્રાર ઓફ સિટિઝનના ફાઇનલ ડ્રાફ્ટને લઇને અમિત શાહનું નિવેદન : દેશના લોકોમાં ભ્રમ ફેલાવવાનો વિપક્ષ ઉપર આક્ષેપ : કોંગ્રેસ પાસે હિંમત ન હતી પરંતુ અમે હિંમત કરી બતાવી**

નવીદિલ્હી,તા. ૩૧

આસામમાં નેશનલ રજિસ્ટ્રર ઓફ સિટિઝન (એનઆરસી)ના ફાઈનલ ડ્રાફ્ટને લઈને પણ આજે પણ ભારે ધાંધલ ધમાલ થયા બાદ ભાજપ અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ અમિત શાહે વિપક્ષ ઉપર પ્રહારો કર્યા હતા. પત્રકાર પરિષદ યોજીને અમિત શાહે કહ્યું હતું કે, એનઆરસી પર સંસદમાં તેમને બોલાવાની તક આપવામાં આવી નથી. તેમણે કહ્યું હતું કે, એનઆરસીમાંથી જે લોકોના નામ દૂર કરવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કરૂણાનિધિની મુલાકાતે રાહુલ

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ હોસ્પિટલમાં દાખલ ડીએમકેના ચીફ એમ. કરૂણાનિધિની મુલાકાત લીધી હતી. રાહુલ ગાંધીએ તબીબો અને એમના દીકરા એમ.કે. સ્ટાલીન પાસેથી કરૂણાનિધિના સ્વાસ્થ્યની જાણકારી મેળવી હતી.

### ઈમરાન ખાને સરકાર રચવા સમર્થન માંગ્યુ

ઈમરાનખાનની પાકિસ્તાન તહરીક ઈન્સાફ પાર્ટીએ સરકાર રચવા દસ નાની પાર્ટીઓ પાસે સમર્થન માંગ્યુ છે. પીટીઆઈને ચૂંટણીમાં ૧૧૬ સીટો મળી છે જે બહુમત માટે પુરતી નથી.

### ૨૦૧૭-૧૮માં રિટર્ન્સની સંખ્યા બમણી

કરદાતાઓ અને કન્સલટન્ટના દબાણને વશ થઈને સરકારને ઈક્મ ટેક્ષ રિટર્ન (આઈટીઆર) ફાઈલ કરવાની સમય સીમા વધારવી પડી છે તો બીજી તરફ આંકડા જણાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ગયા સપ્તાહ સુધીમાં ભરવામાં આવેલા રિર્ટન્સની સંખ્યા બમણી થઈને ૩ કરોડ જેટલી થઈ ગઈ છે.

### ઓનલાઈન શોપિંગ પર અપાતા ડિસ્કાઉન્ટ પર લગામ આવશે

સરકાર એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ પર આપવામાં આવતા ડિસ્કાઉન્ટ પર મોનિટરિંગ કરીને લગામ કસવાની તૈયારીમાં છે.

## બાકી રકમની ચુકવણી માટે વિજય માલ્યા સંપૂર્ણ તૈયાર

**વિજય માલ્યાને આખરે જામીન મળી ગયા : મામલાની આગામી સુનાવણી ૧૨મી સપ્ટેમ્બરના દિવસે થશે : વિજય માલ્યા સામે હજુ પણ કાયદાકીય ગૂંચ જારી**

નવીદિલ્હી,તા. ૩૧



અબજો રૂપિયાના લોન ડિફોલ્ટ મામલામાં કાયદાકીય ગુંચવણનો સામનો કરી રહેલા શરાબ કારોબારી વિજય માલ્યાએ લંડનની વેસ્ટમિન્સટર કોર્ટમાં સુનાવણી બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તેઓએ કોઈપણ દયા અરજી માટે રજૂઆત કરી નથી. આ ગાળા દરમિયાન વિજય માલ્યાએ એમ પણ કહ્યું હતું કે, તેઓ ૨૦૧૫થી જ પોતાના બાકી નાણાને ચુકવવા માટે તૈયાર છે. તેમના ઉપર મુકવામાં આવેલા મની લોન્ડરિંગ અને છેતરપિંડીના આક્ષેપો આધારવગરના છે. વિજય માલ્યાને પ્રત્યાર્પણના મામલામાં જામીન આપવામાં આવ્યા છે. આ મામલાની આગામી સુનાવણી ૧૨મી સપ્ટેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે.

માલ્યા ભારતમાં છેતરપિંડીના આરોપોમાં વોન્ટેડ રહેલા છે. કિંગફિશર એરલાઈન્સના પૂર્વ માલિક વિજય માલ્યા દ્વારા છેતરપિંડી અને આશરે ૯૦૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના આરોપોમાં પ્રત્યાર્પણના ભારતના પ્રયાસો સામે લડત ચલાવવામાં આવી રહી છે.

## ટ્રમ્પ ઈરાનના રાષ્ટ્રપતિને મળવા તૈયાર

**ટ્રમ્પ કોઈ પણ શરત વગર મળવા તૈયાર : અમેરિકાએ મે મહિનામાં ઈરાન સાથે પરમાણુ સમજૂતીથી અલગ થવાની જાહેરાત કરી હતી**

વૉશિંગ્ટન,તા.૩૧

યુએસ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે ઈરાનના રાષ્ટ્રપતિ હસન રુહાનીને કોઈપણ પૂર્વ શરત વગત મળવા તૈયારી દર્શાવી છે. ટ્રમ્પે જણાવ્યું કે તેઓ કોઈપણ સમયે મળવા તૈયાર છે. 'હું બેઠકમાં માનું છું, હું ઈરાનના રાષ્ટ્રપતિને મળવા ઈચ્છું છું,' તેમ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે ઈટાલિયન વડાપ્રધાન ગ્યુસેપ્પે કોન્ટે સાથેની સંયુક્ત સમાચાર કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું.

ટ્રમ્પે ઈરાનના રાષ્ટ્રપતિને મળવા અંગેના એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે, 'હું નથી જાણતો કે તેઓ બેઠક માટે તૈયાર છે કે કેમ, પરંતુ તેઓ કપરા સમયમાંથી પસાર થઈ રહ્યા છે. મે ઈરાન ડીલ પડતી મૂકી હતી તે વાહિયાત હતી. હું માનું છું કે તેઓ પણ મુલાકાત કરવા રાજી હશે અને હું તેમને કોઈપણ સમયે મળવા તૈયાર છું.'

● અનુસંધાન પાન-૭ પર

## યૂપીમાં વરસાદનો કહેર

લખનઉ,તા.૩૧

ઉત્તાર પ્રદેશમાં વિવિધ ભાગમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડેલા વરસાદે હાહાકાર મચાવી દીધો છે. બરેલીમાં ટેલિફોન માટે ઓએફસી બિછાવી રહેલા મજૂરો પર માટી પડી જેની નીચે દબાઈને છ મજૂરો મૃત્યુ પામ્યા છે. આ પહેલા પણ અલગ અલગ વિસ્તારોમાં ૧૦ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે, જ્યારે લગભગ ૧૦ ઘાયલ થયા છે.

બરેલીના પીલીભીત બાયપાસ રોડ પર ટેલિફોન લાઈન પર રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું. આ દરમિયાન ભૂસ્ખલન થયું અને ત્યાં આઠ લોકો કાટમાળ નીચે દબાઈ ગયા હતા. છ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે બાકીની બે વ્યક્તિઓને હોસ્પિટલમાં ભરતી કરાઈ છે.

લખનૌમાં ગઈ કાલે આખો દિવસ ખૂબ જ વરસાદ વરસ્યો. આ કારણે જિલ્લા અધિકારી કૌશલ રાજ શર્માએ આજે ધો. ૧૨ સુધી તમામ સ્કૂલો બંધ કરવાના આદેશ આપ્યા છે.

Admission Open
Architecture (B. Arch)
only D2D (B. Arch)
Eligibility :JEE II Paper Appear candidate + NATA-2018 Pass candidate
Buddha College of Architecture, Udaipur
96024 24071

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

BEST BUY FESTIVAL
લાભનો અનેરો અવસર !
50*%
સુધીનું ડિસ્કાઉન્ટ 916 HM સોનાનાં તથા રીયલ ડાયમંડનાં ઘરેણાંની ઘડામણ પર
*શરતોને આધીન
25 ઑગસ્ટ, 2018 સુધી
એ બી જવેલ્સ® આપનું ગર્વ !
ડાયમંડ • પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર
અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મૉલ
શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ - 380015.
079 - 40402525
www.abjewels.com benchmark@abjewels.com
• Follow us on • રવિવારે રજા.
• વેલે પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ.